વળી, જેઓ કેવળજ્ઞાની બન્યા છે એવા અરિહંત પરમાત્મા–જેમણે જગતનું યથાતથ દર્શન કર્યું છે–તેઓ જ જગતના જીવોને સાચું માર્ગદર્શન આપી શકે, સાચા ગુરુ હોઈ શકે–માટે જ સંબોધન કર્યું 'જગગુરુ'. આ જગગુરુ શબ્દ પણ એટલો જ મજાનો અને સમજવા જેવો શબ્દ છે. માત્ર કોઈ એક ધર્મ કે સંપ્રદાયના નહિ પરંતુ આખા જગતના–સમગ્ર જીવસૃષ્ટિના જેઓ ગુરુ છે.

અરિહંત પરમાત્માએ મુક્તિનો માર્ગ જીવમાત્રને કોઈપણ જાતના ભેદભાવ વિના સમજાવ્યો છે– માટે તેઓ જગતગુરુ છે.

આવા અરિહંત પરમાત્મા પ્રત્યે સાધકને જે અહોભાવ જાગ્યો છે તે અહોભાવથી પ્રેરાઈને તે કહે છે કે, होउ ममं तुह पभावओ भयवं' 'હે ભગવાન, આપના પ્રભાવથી, આપે સ્થાપેલા ધર્મશાસનના પ્રભાવથી, આપે આપની વાણીમાં–પ્રવચનમાં જે સત્યો–સિદ્ધાંતો પ્રતિપાદિત કર્યા છે તેના બળથી મારી હવે પછી જણાવેલી પ્રાર્થનાઓ સફળ થજો. અહીં ભક્તની કૃતજ્ઞતા વ્યક્ત થઈ છે. વળી, આપના પ્રભાવથી એમ કહેવાથી માન આદિ કષાય દૂર થાય છે ને નમ્રતા જેવા ગુણોનો વિકાસ થાય છે. કઈ ભાવનાઓ–ઈચ્છાઓ શ્રી વીતરાગ દેવ પાસે રજૂ કરવામાં આવી છે. આવો જોઇએ:

પહેલી જ માગણી છે 'भवनिव्वेओ' – ભવનિર્વેદની. યાચના કરનાર સાધકની ઉચ્ચ કક્ષાનો પરિચય અહીં પ્રથમ માગણી દ્વારા જ થઈ જાય છે. સામાન્ય રીતે ઈશ પાસે સંસારસુખની પ્રાર્થના થાય ત્યારે અહીં સાધકે સંસાર પ્રત્યેની ઉદાસીનતા–અનાસક્તિ માગી છે.વિરક્તિ માગી છે. જ્યાં સુધી સંસાર મીઠો લાગે ત્યાં સુધી ભગવાન કે તેમની વાણી ક્યાંથી મીઠી લાગે ? આનંદઘનજી મહારાજનો સંસાર પ્રત્યેનો રસ ઊડી ગયો છે એટલે જ તેઓ ગાઈ શક્યા છેઃ

'મીઠો લાગે કંતડો, ખારો લાગે લોક
કંત વિહોણી ગોઠડી, તે રણમાંહે પોક'

સંસારનો આ રસ છૂટવો અઘરો છે. આ માટે નિર્વેદ જરૂરી છે. વ્યક્તિનું મન સંસારમાંથી ઊઠીને ભગવાનમાં લાગે ત્યારે કામ થાય. ભવનિર્વેદનો ગુણ સાધકમાં પ્રગટતાં તે આ જ સંસારમાં રહેતો હોવા છતાં સંસાર પ્રત્યેનું તેનું આકર્ષણ ક્રમશઃ ઘટતું જશે ને પછી દૂર થઈ જશે. સંસારની અનિત્યતા તેને સમજાતાં તેમાં જ રહેવા છતાં તેનાથી તે અલિપ્ત રહેશે–જળકમલવત્. નિર્વેદ માટે સરસ શબ્દ પ્રયોજાયો છે ઉદાસીનતા. અહીં ઉદાસીનતા એટલે ગમગીન રહેવું, મોં ચડાવીને ફરવું, દુઃખી, દુઃખી રહેવું એવું નહિ, પરંતુ સંસારના સુખ કે દુઃખ પ્રત્યે એક પ્રકારનું તાટસ્થ્ય આવી જવું. સુખ-દુઃખ કશું તેને સ્પર્શે નહિ. એવી આધ્યાત્મિક ઉદાસીનતા કેળવાય.

સંસાર પ્રત્યેની આ ઉદાસીનતા મોક્ષમાર્ગ પર ચાલવા માટેની પ્રથમ આવશ્યકતા છે. સમ્યક્દર્શનના પ્રધાન લક્ષણોમાં પણ આ ગુણની ખાસ ગણના થઈ છે. પ્રભુ કૃપાથી આવી ઉદાસીનતા પ્રગટે એવી માગણી સૌ પ્રથમ સાધક કરે છે.

બીજી યાચના છે કે પ્રભુ આપના પ્રભાવથી હું માર્ગાનુસારી બનું, માર્ગાનુસારિતાના ગુણો મારામાં પ્રગટે. કર્મ અને કષાય

રહિત આત્માની શુદ્ધ અવસ્થા તે મોક્ષ છે અને તેને પ્રાપ્ત કરવાનો તપ–સંયમ આદિરૂપ ઉપાય તે મોક્ષમાર્ગ છે. આ મોક્ષમાર્ગને અનુસરવું તે માર્ગાનુસારિતા. સાધકના જીવનની દિશા બદલી એટલે એ પ્રમાણે જ આગળની માગણી હોય તે સ્વાભાવિક છે. મને મોક્ષ મળી જાઓ એવી પ્રાર્થના કરવાને બદલે સાધક પ્રાર્થે છે મોક્ષમાર્ગે ચાલવા માટે જે–જે કંઈ કરવાનું આવે તે હું કરું. આ માર્ગે ચાલી ગયેલા કે ચાલતા સાધકો જેમ કરે છે કે કહે છે તેમ હું કરું.

સાધકની યાત્રા આરંભાઈ એની આ પ્રતીતિ છે. સાધક મૂળમાર્ગ તરફ વળ્યો. મૂળમાર્ગ હજુ આગળ છે પણ માર્ગાનુસારી બનશે તો તેમાં નૈતિકતા આવશે. પાપ-પુણ્ય, નીતિ-અનીતિ વગેરેની વાત તે સમજશે. અહીં ભક્તે સાચા રસ્તાને ઓળખી તેના પર ચાલવાની શક્તિ પ્રભુ પાસે માગી છે. શાસ્ત્રોમાં માર્ગાનુસારીના પાંત્રીસ ગુણો દર્શાવવામાં આવ્યા છે. માર્ગાનુસારી વ્યક્તિ પાપભીરુ, પરોપકારી, દયાવાન, સૌમ્ય, કૃતજ્ઞી, દીર્ઘદર્શી આદિ ગુણોથી સંપન્ન હોય છે. સંસારથી વિરક્ત થઈ મુક્ત થવાની યાત્રા આરંભી ત્યારે એ માર્ગ પર ચાલવા માટે જરૂરી શક્તિની યાચના સાધકે અહીં કરી છે. સાધકની ત્રીજી પ્રાર્થના છે ઈષ્ટફળ સિદ્ધિની. આગળની બે પ્રાર્થનાઓને ધ્યાનમાં લઈને એ જ ક્રમમાં ઈષ્ટફળ સિદ્ધિની વાત વિચારીએ તો સ્પષ્ટ સમજાય છે કે જેણે ભવનિર્વેદ માગ્યો, મોક્ષમાર્ગ પર ચાલવાની શક્તિ માગી, તેના માટે ઈષ્ટફળ મોક્ષ સિવાય અન્ય કશું સંભવી ન શકે. મોક્ષમાર્ગ પર ચાલવાની શક્તિ માગ્યા બાદ સાધક જાતે જ આત્મબળે આગળ વધી મોક્ષ સુધી પહોંચવાનો છે, તેમ છતાં તે એમ કહે છે કે મને આપના પ્રભાવથી ઈષ્ટફળ (મોક્ષ)ની પ્રાપ્તિ થાઓ. સાધકને જ્યારે સાધનામાં રત રહી જેમ બને તેમ ઝડપથી મોક્ષ પ્રાપ્ત કરવો છે ત્યારે તેમાં બાધારૂપ બનતી બાબતો દૂર થાય, સાધના માટે અનુકૂળતા થાય ને અંતે મોક્ષસુખરૂપ ઈષ્ટફળની પ્રાપ્તિ થાય તેવી પ્રાર્થના ઉચિત જ છે.

આગળની પ્રાર્થના છે 'भोगविरुद्धच्चाओ'. હે વીતરાગ ! મને તમારા પ્રભાવથી શિષ્ટજનો જેને વિરુદ્ધ માનતા હોય. અયોગ્ય માનતા હોય તેવા કાર્યોનો ત્યાગ કરાવો. અહીં લોક એટલે સામાન્યજન નહિ પણ ઉત્તમ લોકો. શિષ્ટજનોથી નિંદાયેલા કામોનો ત્યાગ કરું. ખોટા રસ્તે ન જાઉં. સારા શ્રેષ્ઠ–સાધુજનો જે કરે છે તે જેટલા અંશે કરી શકું તે કરું પણ તેઓ જેને ત્યાજ્ય ગણે છે, ન કરવા જેવું કામ માને છે તે તો ન જ કરું.

સાચા માર્ગે જવું અઘરું છે, પણ ખોટા માર્ગે તરત જ વળી જવાય છે. ભક્ત અહીં અધોગતિની દિશામાં લઈ જનાર આવા કાર્યોથી બચાવવા પ્રાર્થના કરે છે. ખોટા માર્ગે ન જઈ, હિંસા, જૂઠ, ચોરી, દૂરાચાર આદિ પાપકર્મોથી બચવાની સાધકની ભાવનામાં સંવર ભાવના છુપાયેલી છે.

સાધના માર્ગે ચાલતા સાધકે આગળ માગ્યું છે ગુરુજનોની પૂજાનો અવસર. ગુરુજન એટલે અહીં ધર્મગુરુ, વિદ્યાગુરુ તો ખરા જ પણ વ્યવહારિક દૃષ્ટિએ માતા-પિતા અને વડીલોને પણ ગુરુ કહેવામાં આવે છે. મોક્ષમાર્ગની સાધનામાં જેમ લોકવિરુદ્ધ પ્રવૃત્તિનો ત્યાગ જરૂરી છે તેમ નજીકના ઉપકારી એવા માતા-પિતા, શિક્ષક, વડીલો આદિનો વિનય, બહુમાન, ભક્તિનો ભાવ પણ આવશ્યક છે. કારણ કે, જે પ્રત્યક્ષ ઉપકારી પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત ન કરે તે પરોક્ષ ઉપકારી અરિહંત પરમાત્માના ઉપકારને કઈ રીતે સમજી શકે. વડીલોનું ઔચિત્ય જાળવવું પણ તેટલું જ જરૂરી છે. હું વડીલો પ્રત્યે વિનયવિવેક જાળવું. તેમના આદર-માન સાચવું તેવી પ્રાર્થના સાધકે કરી છે. વળી, સાધના માર્ગે આગળ વધનાર વ્યક્તિથી સમજદારીમાં, જ્ઞાનમાં કદાચ તેના મા-બાપ, વડીલો પાછળ રહી જાય તેવું પણ બને. આવો સાધક પ્રાર્થે છે કે હું ગમે તેટલો આગળ વધું પણ વડીલો પ્રત્યેનો વિવેક ન ચૂકું. જેથી મોક્ષમાર્ગની યાત્રામાં વિઘ્ન આવે ને મોક્ષ પ્રાપ્તિમાં વિલંબ થાય.

સાધકની પ્રાર્થનાનું આગળનું સોપાન છે પરોપકાર. ધર્મ માર્ગે આગળ વધનાર જીવમાં પરોપકારની ભાવના તો સ્હેજે આવી જ જાય છે. ધર્મમાર્ગ વ્યક્તિને શુષ્ક નથી બનાવતો. તે સ્વવિકાસ તો કરે જ છે સાથોસાથ પરોપકાર પણ કરે છે. જેમનામાં પરાર્થકરણની ભાવના નથી તેવા આત્માઓ કદી લોકોત્તર ધર્મને પ્રાપ્ત કરી શકતા નથી. કેમકે, સ્વાર્થ કે સંકુચિત વૃત્તિનો ત્યાગ કર્યા વિના કદી ધર્મની શરૂઆત જ થતી નથી. ધર્મ કરનાર વ્યક્તિમાં હૃદયની કોમળતા અને વિશાળતા હોવી અતિ આવશ્યક છે. આચાર્ય હરિભદ્રસૂરિએ આ ગુણને પૌરુષચિહ્ન કહ્યું છે.

પરોપકાર બે રીતે થઈ શકે–લૌકિક અને લોકોત્તર, વ્યવહારિક અને પરમાર્થિક. અન્ન, વસ્ત્ર, દવા, ધન કે અન્ય જરૂરિયાતની વસ્તુઓ આપવી તે લૌકિક ઉપકાર છે. આત્મજ્ઞાન, અને તેને પ્રાપ્ત કરવાનાં સાધનો બતાવવા કે તેને અનુકૂળ સંજોગો કરી આપવા તે લોકોત્તર પરોપકાર છે. તીર્થંકર દેવ કે મહાન ધર્માચાર્યો જે દેશના કે ધર્મોપદેશ આપે છે તે તેમનો જગત પરનો મહાન ઉપકાર જ છે. સાધક અહીં લૌકિક ઉપકારથી આરંભી લોકોત્તર ઉપકાર કરવાની ભાવના સેવે છે. આ વાતને બરાબર પ્રમાણતો સાધક અહીં પ્રભુ પાસે પરોપકાર વૃત્તિ પ્રગટાવવાની પ્રાર્થના કરે છે.

આગળની બધી જ પ્રાર્થનાઓ ફળીભૂત કરવા આવશ્યક છે સદ્‌ગુરુનું હોવું. ભવનિર્વેદના ટકાવવા, મોક્ષમાર્ગ પર ચાલવા, ઇચ્છિત ફળ મેળવવા, લોકવિરુદ્ધ પ્રવૃત્તિનો ત્યાગ કરવા, વડિલોનો વિવેક કરવા ને પરોપકાર કરવા પ્રત્યક્ષ સદ્‌ગુરુની તાલીમ આવશ્યક છે માટે સાધક આ બધું જેને પ્રાપ્ત છે એવા સદ્‌ગુરુની માગણી કરીને જાણે ખૂટતી સર્વકડીઓ માગી લે છે. સાધક માગે છે 'सुहगुरुजोगो तव्वयणसेवणा आभवमखंडा' – જ્યાં સુધી જન્મ-મરણના ફેરા કરવા પડે ત્યાં સુધી ભવોભવ સદ્‌ગુરુનો યોગ પ્રાપ્ત થાય અને તેમના વચન પ્રમાણે ચાલવાની શક્તિ મળે. યોગ એટલે મિલન–જોડાવું. પરમના માર્ગે ચાલવા સદ્‌ગુરુનું અતિ આવશ્યક છે. સદ્‌ગુરુનો યોગ થવો એ કદાચ સૌથી મોટી ઉપલબ્ધિ ગણાવી શકાય.

અહીં ગુરુનું નહિ પણ સદ્‌ગુરુનું મિલન સાધકે વાંછ્યું છે. આપણે મોહપત્તીના બોલમાં કહીએ છીએ કે 'કુદેવ, કુગુરુ, કુધર્મ પરિહરું, સુદેવ, સુગુરુ, સુધર્મ આદરું' – સાધકે આવી સુગુરુની યાચના કરી છે. સત્યદર્શન કરાવનાર ગુરુઓને પ્રાપ્ત કરીને અનેકાનેક શિષ્ય પરમપદને પામ્યા છે. જેને ગુરુ પ્રાપ્ત થયા હોય તેવી વ્યક્તિને 'સગુરો' ને જેને ગુરુ ન મળ્યા હોય તેને 'નગુરો' કહેવામાં આવે છે. વ્યક્તિએ સદ્‌ગુરુની ઓળખ પ્રથમ કરી લેવી પણ એક વખત સદ્‌ગુરુને મેળવ્યા બાદ તેમના વચન પ્રમાણે જ ચાલવું. સાધકે અહીં સદ્‌ગુરુ વચનમાં

શુરા થઈને ચાલવાની પ્રાર્થના કરી છે. ગુરુ મળે પણ તેમની આજ્ઞા પ્રમાણે ચાલી ન શકાય તો કામ ન થાય. ને વળી, ગુરુ આજ્ઞાનું પાલન માત્ર આ ભવે જ નહિ, ભવોભવ કરી શકું એવી શક્તિ ભક્તે માગી છે. સાધક માત્ર સદ્‌ગુરુનું શરણું જ નહિ પણ તેમની આજ્ઞાનું પાલન કરવા માટેના આશિષ પણ માગે છે. આવનાર ભવમાં જો આ બધું છૂટી જાય તો મોક્ષગામી યાત્રા અધુરી રહી જાય. માટે જ્યાં સુધી મોક્ષ ન થાય ત્યાં સુધી જેટલા ભવ લેવા પડે તે પ્રત્યેક ભવે આ સર્વ માગણીઓ મને પ્રાપ્ત થાઓ–એવી પ્રાર્થના સાધક કરે છે. અહીં સુધીની પ્રાર્થના આગળ નોંધ્યું તેમ ગણધરોકૃત છે ને ત્યારપછીની પ્રાર્થના ગીતાર્થ ગુરુ ભગવંતો દ્વારા સૂચિત છે. પાછળથી અહીં તેનો પ્રક્ષેપ થયો છે. પ્રાર્થનાસૂત્રમાં ભક્ત પ્રભુ પ્રત્યેના આત્મીયતાના ભાવથી પ્રેરાઈને કહે છે કે, 'હે વીતરાગ ! તમારા સિદ્ધાંતમાં–શાસનમાં નિયાણું (કરેલ સુકર્મનું ઇચ્છિત ફળ મેળવવાની માગણી) કરવાનો નિષેધ કરાયો છે; તો પણ હું એટલું તો ચોક્કસ માગીશ કે મને ભવોભવ તમારા ચરણોની સેવા કરવાનું સદ્‌ભાગ્ય સાંપડે. જૈન ધર્મ તો મૂળે નિષ્કામ ભક્તિને પ્રાધાન્ય આપે છે માટે નિયાણું તો ન જ બંધાય. પરંતુ આ જે માગણી છે તેને નિયાણું કહેવાય જ નહિ. આ તો ભક્તિની ભાષા છે. આગળ 'આભવમખંડા'માં જે ગુણો ભવોભવ મને પ્રાપ્ત થાય તેવી માગણી છે તેના અનુસંધાનમાં ભક્ત આગળ માગે છે ભગવાનનું શરણું. તે જાણે છે કે જો ભગવાનનું શરણું નહિ મળે, શાસન નહિ મળે તો કદાચ ભટકી જવાની શક્યતાઓ ઊભી છે. માટે મોક્ષ જ્યારે મળે ત્યારે પણ ત્યાં સુધી પ્રભુનું શાસન–પ્રભુનો માર્ગ ભવોભવ મળે જેથી પથભ્રષ્ટ થવાની ચિંતા જ ન રહે.

ભગવાનના ચરણોની સેવા વાંછી ભક્ત અન્ય ચાર પ્રાર્થનાઓ વીતરાગ દેવ પાસે કરે છે, તેમાં એક છે દુઃખનો ક્ષય. ભક્ત માગે છે કે, 'હે નાથ ! આપને પ્રણામ કરવાથી મારા દુઃખોનો ક્ષય થાઓ. દુઃખ તો જીવમાત્રને ગમતું નથી, પણ અહીં તો સાધક પોતાના સાધનામાર્ગમાં વિઘ્નરૂપ બનતા દુઃખોના ક્ષયની પ્રાર્થના કરે છે. અહીં દુઃખનો ક્ષય એટલે દુઃખના ભાવનો ક્ષય કરવાની પ્રાર્થના છે. સુખદુઃખ તો સંસારમાં રહેવાનાં જ પણ પ્રભુ શાસન મળતાં મને એવી અવસ્થા પ્રાપ્ત થાય કે જાણીતા સ્તવનની પંક્તિઓ 'પ્રભુ તમને પામ્યાનું એ સૌથી મોટું સુખ કે દુઃખ હવે લાગે ના દુઃખ' સાર્થક થાય. વ્યવહારિક રીતે વિચારીએ તો પણ દુઃખના ડરથી દુઃખ દૂર કરવાની માગણી નથી કરાઈ, પરંતુ જ્યાં સુધી દુઃખની હાજરીમાં પણ સમાધિસ્થ રહી, સ્થિર રહી મોક્ષમાર્ગની સાધના કરવાનું સામર્થ્ય મારામાં ન આવે ત્યાં સુધી મારા દુઃખોનો ક્ષય થાઓ એવો અર્થ પણ વિચારી શકાય. તો વળી, સાધક માટે ભવ એટલે કે સંસારચક્ર એ જ સૌથી મોટું દુઃખ છે, માટે એના ક્ષયની માગણી પણ એમાં ગર્ભિત હોઈ શકે.

આ દુઃખનો ક્ષય કર્મના ક્ષય વિના શક્ય જ નથી, માટે આગળની પ્રાર્થના છે કે કર્મનો ક્ષય થાઓ. સાધકને ખ્યાલ છે કે જ્યાં સુધી કર્મો છે ત્યાં સુધી તેના ઉદય પ્રમાણે સુખદુઃખ તો આવવાના જ. સાચા સાધક માટે સુખ અને દુઃખ બંને બાધારૂપ છે. આ ચક્રમાંથી મુક્ત થવાનો એક જ માર્ગ છે કર્મક્ષય ને એના માટે સંવર અને નિર્જરા જ ઉપાય છે. નવા કર્મોનો બંધ પડતો અટકે અને સંચિત કર્મોને ખપાવું એ જ સાધકની પ્રાર્થના છે.

આગળની પ્રાર્થના છે સમાધિપૂર્વકનું મરણ. સમાધિ એટલે સુખદુઃખમાં ચિત્તની સ્વસ્થતા. સમાધિપૂર્વકનું મરણ જીવનની સુખદ ફલશ્રુતિ છે, ને સદ્‌ગતિ માટે કારણરૂપ પણ છે. મૃત્યુ સમયે સમતા ટકાવવી મુશ્કેલ હોય છે. ભક્ત પ્રાર્થે છે કે, પ્રભુ આ વેળાને તમે સંભાળી લેજો. સંસારના સત્યોને સમજી તેના પ્રત્યેના રાગ-દ્વેષથી પર થઈ હું સમતાપૂર્વક દેહ છોડું તો મારો આવતો ભવ પણ આ જ યાત્રામાં આગળ લઈ જનારો બની રહે.

છેલ્લી પ્રાર્થના છે બોધિલાભની પ્રાપ્તિની – સમ્યક્‌દર્શનની પ્રાપ્તિની. જ્ઞાન, દર્શન, ચારિત્ર્યની સાચી સમજ કેળવાય તો જ અધ્યાત્મમાર્ગે આગળ વધી શકાય. આમ, જૈન દર્શન પ્રમાણે સમ્યક્‌દર્શન લાધ્યા પછી જ અધ્યાત્મયાત્રા ખરા અર્થમાં આરંભાતી હોય છે. માટે છેલ્લે પ્રભુ પાસે ભક્ત પ્રાર્થે છે કે મને સાચું દર્શન પ્રાપ્ત થાઓ ને જેથી આગળ માગેલ ગુણો અને અનુકૂળતાઓ વચ્ચે હું ધર્મમાર્ગે પગરણ માંડી શકું. એવું ક્યાંક સાંભળેલું કે જેને સમ્યક્ત્વ પ્રાપ્ત થઈ જાય તેનો મોક્ષ નિયત થઈ જાય. એ રીતે અહીં ભક્ત મુક્ત થવાની જ આડકતરી પ્રાર્થના કરે છે.

પ્રભુ પાસે પ્રાર્થનાઓ રજૂ કર્યા બાદ સૂત્રના અંતે સર્વમંગળ બોલાય છે. તેમાં જે પ્રભુ–જે શાસને સાચો માર્ગ ને સાચી સમજ આપી છે તેના પ્રત્યેનો અહોભાવ–કૃતજ્ઞતા વ્યક્ત થઈ છે. અહીં ભક્તના અંતરના ઉદ્‌ગારો સરી પડ્યા છે. પોતાને જેમની પાસેથી કલ્યાણમાર્ગ સાંપડ્યો છે તે શાસનનો જય જયકાર કર્યા વિના ભક્તથી રહેવાતું નથી. એટલે તે ઉલ્લાસભેર કહી ઊઠે છે કે, 'સર્વ મંગળોમાં, મંગળરૂપ, સર્વના કલ્યાણનું કારણરૂપ તથા સર્વ ધર્મોમાં જે પ્રધાનરૂપ છે એવું જૈન શાસન જયવંતુ વર્તો. આમ, જયકારથી આરંભાયેલું સૂત્ર જયકાર પર વિરમે છે ને એમાં ઈપ્સિત પ્રાર્થનાઓને પ્રાપ્ત કરી સાધનારત રહેનાર સાધકનો પણ આખરે જયજયકાર થાય છે.

**નોંધઃ આ વ્યાખ્યાનના બીજો વિષય 'અવધૂત આનંદઘનનું અધ્યાત્મગાન' વિશેનું વક્તવ્ય આગામી અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.**

**❑ પ્રોગ્રામ સમિતિ**

## તપસ્યા અનુમોદના :

પર્વાધિરાજ પર્યુષણ પર્વ નિમિત્તે આપણા સમાજમાંથી અનેક ભાઈ-બહેનોએ કર્મની નિર્જરા કરનાર **નાનીમોટી તપશ્ચર્યા કરી હશે.** અઠ્ઠાઈ કે તેથી વધુ ઉપવાસ કરનાર ભાઈ-બહેનોએ પોતાના નામ, ઉંમર, રહેઠાણ વિસ્તાર, પાટણનો મહોલ્લો, તપનો પ્રકાર ઈત્યાદિ વિગતો **મોડામાં મોડી તા. ૧૫-૦૯-૨૦૧૮ સુધીમાં મંડળના કાર્યાલયમાં લેખીત મોકલવી.** મળેલ તપસ્વીની યાદી અનુકુળતાએ પ્રતિબિંબમાં પ્રકાશિત કરવાના પ્રયત્ન કરીશું, **ત્યારબાદ મળેલ વિગતો પ્રગટ કરવામાં આવશે નહીં.** જેની સર્વેએ નોંધ લેવા વિનંતી.

ચાલુ સાલે ચાતુર્માસ પ્રારંભ થયાથી પર્યુષણ પર્યંત જે તપસ્વી ભાઈ-બહેનોએ **માસક્ષમણ/સિદ્ધિતપની ઉગ્રતપશ્ચર્યા કરી હશે તેઓના ફોટા છાપવાનું નક્કી કરવામાં આવેલ છે,** તો તેવા તપસ્વીઓએ પોતાનો 'રંગીન ફોટો પાછળ નામ લખીને' મંડળના મુખ્ય કાર્યાલય ખાતે મોકલાવી આપવા.

**❑ સંપાદક સમિતિ**

## જીવદયા જીવદયા જીવદયા

આચાર્ય હેમચંદ્રાચાર્ય અને મહાજ્ઞાની કુમારપાળની કલ્યાણ ભૂમિ પાટણ સ્થિત શ્રી પાટણ પાંજરાપોળમાં હાલમાં ૨૫૦૦ પશુની ક્ષમતા સામે લગભગ ૩૦૦૦ જેટલા પ્રાણીઓનું આશ્રય સ્થાન છે. વધતા જતાં ઘાસના ખર્ચને કારણે ઉત્તર ગુજરાતમાં અનેક પાંજરાપોળો આર્થિક પ્રશ્નોને કારણે બંધ થવા લાગી છે.

શ્રી પાટણ પાંજરાપોળ આવા અનેક પશુઓ માટે આશાનું કીરણ છે. વધતા જતાં ખર્ચને પહોંચી વળવા માટે શ્રી પાટણ પાંજરાપોળે અનેક સ્કીમ મુકેલી છે દાતા પરિવારો આને ઉત્સાહભેર વધાવીને જીવદયાની ભાવનાને સાર્થક કરશે.

**(૧) ICU માટે સહયોગી દાતાનો લાભ રૂા. ૩૧ લાખ**

પશુઓ માટેનું ICU (Intensive Cardiac Care Unit)

શ્રી પાટણ પાંજરાપોળ માટે હાલમાં ICU યુનિટ છે પણ તેને આધુનિક બનાવવાની જરૂર છે. દરરોજ લગભગ ૫૦ થી વધુ અબોલ, માંદા, વૃદ્ધ અને તરતના જન્મેલા પશુઓને સારવાર આપવામાં આવે છે. જે પશુઓનો અંતિમ સમય નજીક લાગતો હોય તો તેવા પશુઓના જીવને ઠંડક પહોચાડીને નવકાર મંત્રના સ્મરણ દ્વારા આવા પશુઓને સમાધી મરણ અપાય છે.

આ માંદા પશુઓ માટે રેતીની પથારી, રબ્બરની પથારી, તેવી અનેક સગવડ આપવામાં આવે છે. કેટલાક પશુઓ ઊભા નથી થઈ શકતા તેમને લોખંડની ઘોડી દ્વારા સપોર્ટથી ઊભા રાખીને સારવાર આપવામાં આવે છે. માંદા પશુઓ માટે ગ્લુકોઝ તેમજ અનેક પ્રકારની દવાઓ પણ આપવામાં આવે છે. તરતના જન્મેલા માઁ વગરના પશુઓને દૂધ તથા ન્યુટ્રીઅન્ટ્સ આપવામાં આવે છે. જે પરિવાર આ ICUનો લાભ લેશે તેને અનેક જીવોને સમાધી મરણ પ્રાપ્ત કરાવવાનો લાભ મળશે.

**(૨) જીવદયા રૂા. ૨૫ લાખ કમાન સ્તંભ**

શ્રી પાટણ પાંજરાપોળ વધતા જતાં ખર્ચને પહોંચી વળવા પાંજરાપોળની અંદર દાતાના નામ સાથે કમાન સ્થંભ પર દાતા પરિવારનું નામ મૂકવામાં આવશે. હાલમાં ચાર કમાન સ્તંભ મુકવાની યોજના છે. દરરોજ હજારો પશુઓ દ્વારમાંથી પસાર થશે અને આ પશુઓ દાતા પરિવારને આશીર્વાદ આપશે. આ એક અનોખો લાભ છે. આપના દાનથી આપના પરિવારનું નામ શ્રી પાટણ પાંજરાપોળના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે આ કાયમી લાભ છે.

**(૩) ઘાસના નવીન ગોડાઉનનું નામકરણ રૂ. ૫૧ લાખ.**

હાલની વિષમ પરિસ્થિતિમાં વરસાદની અનિયમિતતાને કારણે આપણે ઘાસનું સ્ટોરેજ વધારે હોય તેટલી આપણે બચત કરી શકીએ. ૧૦૦ રૂપિયે મણનું મળતું સૂંકા ઘાસનાં આપણે ક્યારેક ૨૦૦ રૂપિયા આપવા પડતા હોય છે. આપણે ઘાસની ખરીદી જ્યારે પાક આવે ત્યારે જ કરીએ છીએ જેથી વધારેને વધારે બચત કરી શકાય.

આ ગોડાઉન બધા છૂટા છે જેથી કોઈકવાર અકસ્માત થાય તો પણ ઓછામાં ઓછા ઘાસને તકલીફ થાય. આપણી પાંજરાપોળમાં પશુઓને એક / બે વાર નહીં ક્યારેક ૩ વાર નીરણ કરવામાં આવે છે. દાતાઓ પાંજરાપોળમાં આવતા પ્રત્યેક પશુને 'મહેમાન' ગણે છે, ઘાસની સ્ટોરેજની સગવડ માટે આપ ઉદાર હાથે ફાળો આપશો.

રસ ધરાવતા દાતાઓને નીચે જણાવેલ સરનામે શ્રી પાટણ પાંજરાપોળમાં સંપર્ક કરવા વિનંતી છે.

**સંપર્ક : શ્રી પાટણ પાંજરાપોળ -૫૨૦, પંચરત્ન, ઓપેરા હાઉસ, મુંબઈ - ૪૦૦૦૦૪, ફોન નં. 8828150087**

## શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠ

પાટણ નગરની પૂણ્ય ધરા પર જ્ઞાન અમૃતને પીરસનારી સિદ્ધહેમ જ્ઞાનપીઠ પાઠશાળા ચાલે છે. જેમાં વર્ષ દરમ્યાન લગભગ ૧૨૫-૧૫૦ જેટલા સાધુ-સાધ્વી મ.સા. તથા ૨૦ થી ૨૫ જેટલા મુમુક્ષુ ભાઈ-બહેનો વર્ષ દરમ્યાન જૈન ધર્મના ગ્રંથોનું તથા સંસ્કૃત-પ્રાકૃત ભાષાનું તલસ્પર્શી જ્ઞાન મેળવે છે. તા. ૧-૪-૨૦૧૭ થી ૩૧-૩-૨૦૧૮ના વર્ષ દરમ્યાન જ્ઞાનપીઠમાં નીચે જણાવેલ ગ્રન્થોનો ગહન અભ્યાસ કરાવવામાં આવ્યો હતો.

સિદ્ધહેમ શબ્દાનુશાસન વ્યાકરણ, જ્ઞાનસાર, યોગદ્રષ્ટિ સમુચ્ચય, પરિશિષ્ટ પર્વ, ૧૨૫ ગાથાનું સ્તવન, કર્મગ્રન્થ ટીકા, યોગ વંશિકા, સમકિતના ૬૭ બોલની સજઝાય, વૈરાગ્ય કલ્પલતા, બે પ્રતિક્રમણ સૂત્રાર્થ, સંસ્કૃતની પહેલી તથા બીજી બુક.

આવા ઉત્તમ વિષયોનું અધ્યાપન કાર્ય પં. શ્રી ચંદ્રકાંતભાઈ સંઘવી તથા શ્રી રાજુભાઈ છેડા ઉલ્લાસપૂર્વક કરાવી રહ્યા છે.

આ વર્ષે ઉનાળામાં પ્રાચીન લિપિના અધ્યાપક શ્રી ચેતનભાઈ ભોજકને પાટણ ખાતે બોલાવી પાંચ દિવસ સુધી પ્રતિદિન ત્રણ કલાકના ક્લાસો ગોઠવેલ તેમાં ૨૫ મ.સા. તથા ૮-૧૦ મુમુક્ષુઓએ લાભ લીધો હતો. પંડિતજીએ વિવિધ સૈકાની પ્રાચીન લિપિ કેવી હોય છે ? તેને કંઈ રીતે વાંચી શકાય ? વિગેરેનું સુંદર રીતે સમજાવેલ અને અભ્યાસક વર્ગને પ્રાચીન હસ્તપ્રતો - તાડપત્રોને મેળવીને સંશોધનના કાર્યમાં જીવનનું યોગદાન પ્રદાન કરીને શ્રુતજ્ઞાનની અમૂલ્ય સેવા કરવા પ્રેરણાપ્રદાન કરેલ.

સિદ્ધહેમ જ્ઞાનપીઠ પાટણનું આભૂષણ છે. જેમાં અનેક સાધુ-સાધ્વી તથા મુમુક્ષુ ભાઈ-બહેનોરૂપી રત્નનો જ્ઞાનપીઠરૂપી દાગીનામાં જીનશાસનમાં ચમકી રહેલ છે.

સંસ્થા તેમજ સમાજના અનેક કાર્યકર્તાઓ સિદ્ધહેમ જ્ઞાનપીઠને વિકસાવીને વધારેને વધારે સાધુ - સાધ્વી ભગવંતો તથા મુમુક્ષુઓ આનો લાભ લે તે માટે પ્રયત્નશીલ છે. આપ પણ આપના સંપર્કમાં હોય તે સાધુ-સાધ્વી ભગવંતો, મુમુક્ષુઓ તથા ધાર્મિક અભ્યાસ કરવા ઈચ્છતા શ્રાવક-શ્રાવિકાઓને પાટણ આવવા પ્રેરણા કરશો.


PATOLA OF PATAN PVT. LTD
(National Award Winner 1983-State Award Winner 2006)
Mfg. of Double Ikat Patola, Scarves, Borders, Dupattas, Tablecloth etc.

| Ashokbhai Salvi | Viral Salvi | Ujjaval Salvi | Nirmal Salvi |
| --- | --- | --- | --- |
| 09925233484 | 09925651695 | 09825448498 | 09898143484 |

Tel (91-2766) 232172 / 222182
Add: Patolawala Farm House, Out Side Fatipal Gate, Patan,
(North Gujarat) - 384265 • visit us at : www.patolaofpatan.com
Email: viral@patolaofpatan.com • salvi.nirmal@gmail.com
ADVT

# શ્રી પાટણ જૈન મંડળ

## આયોજિત

## શ્રીમતી કમળાબેન પ્રેમચંદ નગીનદાસ તેલીચાવાળા પ્રેરિત

# સમૂહ લગ્ન

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા છેલ્લા ૨૨ વર્ષથી, દર વર્ષે સમુહલગ્નનું આયોજન કરવામાં આવે છે. સમાજના તમામ સ્તરના લગ્ન ઈચ્છુક ભાઈ-બહેનો આમાં જોડાઈ શકે છે. વર કે કન્યા બે માંથી કોઈપણ એક મુળ પાટણનો જૈન હોવો જરૂરી છે. આગામી સમુહ લગ્ન ફેબ્રુઆરી ૨૦૧૯માં યોજવાનું આયોજન છે.

આકર્ષિત ભેટ, સોગાદો અને સ્નેહીજનોના ભરપૂર આશીર્વાદ તથા દાતા પરિવાર અને ઉચ્ચ હોદ્દેદારોની હાજરીમાં આ પવિત્ર બંધને બંધાવાનો લહાવો ચૂકશો નહીં.

સમાજના હિતાર્થે મંડળ દ્વારા યોજાતા સમૂહ લગ્નમાં જોડાવા સમાજના કુટુંબોના પરિવારજનોને તથા કાર્યકરોને ખાસ વિનંતી કે આપના ખ્યાલમાં હોય તેવા સંબંધીઓ - સ્નેહીઓને સમૂહ લગ્નમાં જોડાવા ખાસ આગ્રહ કરશો. જેથી સંસ્થાની આ પ્રવૃત્તિ વધુ વેગવાન થઈ શકે.

સમૂહ લગ્નમાં વર તથા કન્યા પક્ષને જમવાના પાસ, ભેટ-સોગાદો તથા સમાજનો સથવારો મળશે. સમાજના પરિવારોની વિશાળ ઉપસ્થિતિમાં આપ લગ્નનો આનંદ માણી શકશો.

સમૂહ લગ્નમાં જોડાવા ઈચ્છતા વર તથા કન્યા પક્ષે દરેકે ફક્ત રૂા. ૫,૦૦૦/- ભરવાના રહેશે.

**''સૌનો સાથ, સમાજનો વિકાસ''**

**સમૂહલગ્નમાં જોડાઓ, સમાજની શાન બઢાઓ.**

**વધુ વિગતો માટે સંપર્ક કરો**

શ્રી પાટણ જૈન મંડળ કાર્યાલય, ૭૭ પાટણ જૈન મંડળ માર્ગ, મરીનડ્રાઈવ, મુંબઈ - ૪૦૦૦૨૦.
ફોન : ૨૨૮૧૧૩૪૬ / ૨૨૮૧૧૨૧૮
મો.: ૦૯૧૬૭૯૦૨૨૬૭ તથા બોરીવલી, ગોરેગામ, પાટણ.
e.mail : patanmandal@gmail.com •
www. patanmandal.org

નોંધ : સમૂહ લગ્નનાં ફોર્મ મંડળના કાર્યાલયમાંથી મળશે.


सत्जीवन
SATJEEVAN
ORGANIC • NON-GMO • NATURAL
For home delivery of all your organic food needs.
અમારા વિવિધ પ્રોડક્ટ્સની વિસ્તૃત જાણકારી માટે
Call/SMS/Whatsapp **+91-91679 22012**
Email: satjeevan@protonmail.com • Instagram: @satjeevan_trueliving
ADVT
**નૈસર્ગિક પદ્ધતિથી બનાવેલ શેન્દ્રિય ખાદ્ય પદાર્થ જેની કોઈ આડ અસર નથી.**


# PATAN CO-OPERATIVE BANK LTD.

RASIK NIWAS, PATAN JAIN MANDAL MARG,
MARINE DRIVE, MUMBAI – 400 020.
TEL : 2281 5290 / 2281 7444 / 2281 9403 • FAX : 2281 6513.
Email ID : patanbank@yahoo.co.in

## NOTICE TO MEMBERS

NOTICE IS HEREBY GIVEN THAT THE **37TH ANNUAL GENERAL MEETING** OF THE MEMBERS OF **PATAN CO-OPERATIVE BANK LTD** WILL BE HELD ON **FRIDAY, THE 21st SEPTEMBER 2018 AT 3.00 P.M.** AT PATAN JAIN MANDAL HALL, PJM ROAD, MARINE DRIVE, MUMBAI 400020 TO TRANSACT THE FOLLOWING BUSINESS:

1. To read and confirm minutes of the 36th Annual General Meeting held on 8th September 2017.
2. To consider and approve the following proposals:
   i. Annual Report for the year 2017-18.
   ii. Profit and Loss account for the year ended on 31st March 2018.
   iii. Balance-sheet as on 31st March 2018.
3. To receive and adopt the report of Statutory Auditor – M/s. Vaishampayan & Padhye for the financial year 2017-18, alongwith notes to accounts.
4. To approve appropriations of net profit and declare dividend for the year ended 31st March 2018, as proposed by Board of Directors.
5. To approve the Annual Budget for the year 2018-19.
6. To appoint Statutory Auditor for the year 2018-19 and authorize Board to fix its remuneration.
7. To grant leave of absence to the members of the Bank.
8. Any other business that may be brought forward with the permission of the Chair.

**# Dividend will be payable only through standing instruction (Account with our Bank) or ECS (Account with other Bank).**
**# No physical dividend warrant will be issued.**
**# The members are requested to submit standing instructions or ECS mandate at the earliest.**

Date: 13.08.2018

**By order of the Board of Directors**
**sd/-**
**Dilip N. Kanhere**
**Chief Executive Officer.**

## APPEAL TO MEMBERS :

1. Members desire to receive annual report copy are requested to contact any of branch or provide your email I.D. for receiving the annual report by e-mail.
2. This notice should be treated as notice to individual member.
3. Adjourned Annual General Meeting for want of quorum, if necessary, will be held on the same date and place after half an hour of the notified time of such meeting.
4. Members desiring to offer any suggestion at the Annual General Meeting or ask any question pertaining to the annual report and accounts are requested to write to the Bank at least 7 days before meeting date i.e. on or before 14th September 2018.
5. Members are requested to intimate any change in name of nominee, office and residential address, status etc. so as to keep our records up to date.
6. Members are requested to collect their dividend for the previous three years, if not collected, to avoid its forfeiture.

ADVT

## સાભાર સ્વીકાર

**રીવોલ્વીંગ (એજ્યુકેશન) ફંડ**

૫,૦૦,૦૦૦/- પનાલાલ પુનમચંદ ચેરીટેબલ ફંડ (ખજૂરીનો પાડો)

**શતાબ્દી ગૌરવ કોરપસ ફંડ**

૩,૦૦,૦૦૦/- શ્રી સુરેશચંદ્ર હિંમતલાલ પોપટલાલ શાહ
શ્રીમતી ભાનુબેન સુરેશચંદ્ર હિંમતલાલ શાહ
(ખેતરવસી - શામળાજીની શેરી)

૩,૬૭,૦૦૦/- શ્રી નિરંજનભાઈ ચીમનલાલ શાહ
(ચોધરીની શેરી)

**સમાજ વિકાસ કોરપસ ફંડ**

૧,૦૦,૦૦૦/- શ્રીમતી નિરંજનાબેન દિનેશભાઈ પોપટલાલ શાહ
(કનાસાનો પાડો)

**સિનિયર સીટીઝન / મેડિકલ સહાય કોરપસ ફંડ**

૧,૦૦,૦૦૦/- શ્રી શિરીષભાઈ મફતલાલ શાહ (પંચોટીનો પાડો)

**શારદાબેન બાબુભાઈ કે. શાહ ફેમીલી ફ્લોટર પ્રિમીયમ સહાય ફંડ**

૧૦,૦૦૦/- શ્રીમતી શારદાબેન બાબુભાઈ શાહ પરિવાર
(કનાસાનો પાડો)

**વૃદ્ધજન સહાય ભેટ**

૩,૦૦,૦૦૦/- બાબુ જીવનલાલ પનાલાલ ટ્રસ્ટ (ખજૂરીનો પાડો)

**સમાજ ઉત્કર્ષ ભેટ**

૨,૦૦,૦૦૦/- બાબુ સાહેબ નાનકચંદજી પૂરણચંદજી ટ્રસ્ટ
(ખજૂરીનો પાડો)

૧,૦૦,૦૦૦/- પનાલાલ પુનમચંદ ચેરીટેબલ ફંડ (ખજૂરીનો પોડા)

**દવા સહાય ભેટ**

૨,૦૦,૦૦૦/- બાબુ સાહેબ નાનકચંદજી પૂરણચંદજી ટ્રસ્ટ
(ખજૂરીનો પાડો)

૧,૦૦,૦૦૦/-પનાલાલ પુનમચંદ ચેરીટેબલ ફંડ (ખજૂરીનો પાડો)

**શિક્ષણ સહાય ભેટ**

૨,૦૦,૦૦૦/- પનાલાલ પુનમચંદ ચેરીટેબલ ફંડ (ખજૂરીનો પાડો)

**આર્થિક સહાય ભેટ**

૨,૦૦,૦૦૦/- પનાલાલ પુનમચંદ ચેરીટેબલ ફંડ (ખજૂરીનો પાડો)

**વિકલાંગ ઉત્કર્ષ ભેટ**

૩૦,૦૦૦/- જે. કે. ફાઉન્ડેશન (ભાભાનો પાડો)
(દિવ્યાંગ બાળકો તથા વાલીઓ માટે મેડિકલ ચેકઅપ તથા ગેટ ટુ ગેધર માટે)
હ. શ્રી રચનાબેન પ્રવીણભાઈ શાહ

૧૦,૦૦૦/- શ્રીમતી ભદ્રાબેન નવીનભાઈ મણિયાર
(ચોધરીની શેરી)

**દવા સહાય ભેટ / શિક્ષણ સહાય ભેટ**

૧૮,૦૦૦/- શ્રી ચંદ્રકાંતભાઈ મનસુખલાલ શાહ
૯૦મી વર્ષગાંઠ નિમિત્તે
હ. શ્રી શ્વેતાબેન કુનાલભાઈ શાહ,
શ્રી કુનાલભાઈ અતુલભાઈ શાહ,
શ્રી વિયાનાભાઈ કુનાલભાઈ શાહ
(અબજી મહેતાનો પાડો)

**હેલ્થકેર સાધન ભેટ**

૫,૦૦૦/- શ્રી જિતેન્દ્રભાઈ જી. શાહ

૫,૦૦૦/- શ્રીમતી પૂરણબેન તેહુલ રામાની

૫,૦૦૦/- શ્રીમતી કુસુમબેન ઉપાસીની

## શુભ વિવાહ

**સંવત ૨૦૭૪, નીજ જેઠ વદ ૪, સોમવાર, તા. ૦૨-૦૭-૨૦૧૮**

સ્વ. શ્રી લલિતભાઈ અંબાલાલ શાહના સુપુત્ર **ચિ. દર્શન** (લીમડીનો પાડો)

સ્વ. શ્રી મહેન્દ્રભાઈ ગભરૂચંદ શાહની સુપુત્રી **ચિ. દીપા** (ઝવેરીવાડો)

## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્ગતના આત્માઓને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના..

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| દશા પોરવાલ | કોકાનો પાડો | કુસુમબેન શાંતિલાલ શાહ | ૮૫ | બોરીવલી | ૧૭-૦૭-૧૮ | અષાઢ સુદ ૦૫ |
| દશા શ્રીમાળી | તંબોલી વાડો | નરેન્દ્રભાઈ બાબુલાલ શાહ | ૭૫ | મરીનડ્રાઈવ | ૨૦-૦૭-૧૮ | અષાઢ સુદ ૦૮ |
| વિશા શ્રીમાળી | કનાસાનો પાડો | રજનીકાંત ત્રિભોવનદાસ શાહ | ૭૪ | ભાયંદર | ૨૨-૦૭-૧૮ | અષાઢ સુદ ૧૦ |
| દશા શ્રીમાળી | ચોધરીની શેરી | રેખાબેન નવીનભાઈ શાહ | ૭૩ | ચોપાટી | ૨૫-૦૭-૧૮ | અષાઢ સુદ ૧૩ |
| વિશા પોરવાળ | ચિતારાની ખડકી | મહેન્દ્રભાઈ રજનીકાંત પત્રાવાલા | ૭૪ | લોનાવાલા | ૩૧-૦૭-૧૮ | અષાઢ વદ ૦૩ |
| દશા ઓસવાળ | ખેતરપાળનો પાડો | બાબુભાઈ જેશીંગલાલ શાહ | ૮૮ | કાંદિવલી | ૦૧-૦૮-૧૮ | અષાઢ વદ ૦૪ |
| વિશા શ્રીમાળી | કનાસાનો પાડો | શશિકાંતભાઈ નેમચંદ શાહ | ૮૪ | ગોવાલિયાટેંક | ૦૯-૦૮-૧૮ | અષાઢ વદ ૧૩ |
| વિશા પોરવાળ | કોકાનો પાડો | પ્રભાવતીબેન મફતલાલ ઝવેરી | ૯૪ | વિલેપાર્લા | ૧૦-૦૮-૧૮ | અષાઢ વદ ૧૪ |
| વિશા શ્રીમાળી | કનાસાનો પાડો | ધનલક્ષ્મીબેન હર્ષદભાઈ ધુપેલિઆ | ૮૨ | સાંતાક્રુઝ | ૧૧-૦૮-૧૮ | અષાઢ વદ ૩૦ |
| વિશા શ્રીમાળી | લખિયાર વાડો | પનાલાલ કેશવલાલ શાહ | ૯૧ | વાલકેશ્વર | ૧૨-૦૮-૧૮ | શ્રાવણ સુદ ૦૧ |
| વિશા શ્રીમાળી | મારફતિયા મહેતાનો પાડો | પ્રવીણભાઈ બાપુલાલ શાહ | ૮૬ | ગોરેગામ | ૧૨-૦૮-૧૮ | શ્રાવણ સુદ ૦૧ |
| દશા શ્રીમાળી | ખજૂરીનો પાડો | કોકિલાબેન બાપુલાલ શાહ | ૭૭ | મરીનડ્રાઈવ | ૧૩-૦૮-૧૮ | શ્રાવણ સુદ ૦૨ |

* ચક્ષુદાન કરેલ છે ✷ દેહદાન કરેલ છે ● ત્વચાદાન ✚ અંગદાન * * દેહદાન કરો અને કરાવો **(યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)**

જીવન સૌરભ
પાટણ સીનીયર સીટીઝન્ ફોરમ



## શ્રી પાટણ જૈન મંડળ
## શતાબ્દીની ભવ્ય ઉજવણીના ભાગરૂપે
### જીવન સૌરભ સમિતિ આયોજીત યાત્રા પ્રવાસ
# મણિલક્ષ્મી તીર્થ - ખંભાત

શ્રી પાટણ જૈન મંડળ - જીવન સૌરભ સમિતિ દ્વારા મંડળની ભવ્ય શતાબ્દી ઉજવણી નિમિત્તે રવિવાર તા. ૦૬-૦૧-૨૦૧૯ થી તા. ૦૯-૦૧-૨૦૧૯ દરમ્યાન સમાજના ૬૫ વર્ષ કે તેથી વધુ વયના મુરબ્બીજનો માટે મણિલક્ષ્મી તીર્થ તથા ખંભાત તીર્થ યાત્રાનું આયોજન કરવામાં આવેલ છે, જેના વિશાળ ખર્ચમાં સહાયક થવા ગત જૂન, જુલાઈ માસના અંકમાં દાનવીરોને કરવામાં આવેલ વિજ્ઞપ્તિનો ખૂબજ સુંદર સહયોગ પ્રાપ્ત થવા શરૂ થયેલ છે અને **શ્રી નરેશભાઈ નવનીતલાલ શાહ (ભાભાનો પાડો) તથા શ્રીમતી જાસુદબેન મફતલાલ શાહ પરિવાર (ધાયણોજવાળા) હ. કિન્નરીબેન દિપકભાઈ શાહ -અમદાવાદ (ડંક મહેતાનો પાડો) તરફથી પ્રત્યેકના રૂા. પાંચ લાખનું દાન** આપી શુભ શરૂઆત કરવામાં આવેલ છે.

આ યાત્રા પ્રવાસ માટે હજુ આવા બે દાતાઓની જરૂરત છે.

સમાજના ધર્માનુરાગી દાતાઓ ઉપર્યુક્ત તીર્થ યાત્રા પ્રવાસના પ્રણેતા બની પુણ્યાનુબંધી પુણ્ય બાંધવાનો અવસર પ્રાપ્ત કરવા સંસ્થાના પ્રમુખ, ઉપપ્રમુખો તેમજ જીવન સૌરભ સમિતિના માનદ્‌મંત્રીઓનો સંપર્ક કરવા અભ્યર્થના.

આ યાત્રા પ્રવાસમાં સહભાગી થવા સમાજના પરિવારજનો તરફથી ઉત્કૃષ્ટ પ્રતિસાદ સાંપડેલ છે. અને કુલ ૪૨૫ સભ્યો દ્વારા ફોર્મ ભરવામાં આવેલ છે. મણિલક્ષ્મી તીર્થ ખાતે માત્ર ૩૦૦ સિનિયર સીટીઝનોની જ વ્યવસ્થા કરી શકાય તેમ હોઈ તા. ૧૮-૦૮-૨૦૧૮થી નવા નામો લેવાનું બંધ કરવામાં આવેલ છે અને આજ કારણોસર ૬૫ વર્ષથી ઓછી વયના વિધવા બહેનો તથા વિધુરભાઈઓનો આ યાત્રાપ્રવાસમાં સમાવેશ કરવો શક્ય નથી.

વેઈટીંગ લિસ્ટમાં રખાયેલ ૧૨૫ યાત્રિકોનો સમાવેશ કરવાના હેતુસર સમિતિ દ્વારા પાયલોટ ટ્રીપનું આયોજન કરવામાં આવેલ. પરંતુ વધુ મુરબ્બીઓનો સમાવેશ કરવો શક્ય નથી જેની ખાસ નોંધ લેવી.

**ખાસ નોધઃ** યાત્રા પ્રવાસમાં જોડાયેલ યાત્રિકો દ્વારા થ્રી ટાયર એસીમાં નામ નોધાવેલ. પરંતુ ટ્રેનમાં થ્રી ટાયર એસીમાં બર્થની મર્યાદિત સંખ્યાના પરિણામે યાત્રિકોને સ્લીપર ક્લાસ ફાળવવામાં આવશે જે વિદિત થાય.

## અભિનંદન

**મુંબઈ ગરવારે ક્લબ દ્વારા યોજાયેલ મહિલાઓની સિંગલ્સ બેડમિન્ટન સ્પર્ધાની ફાઈનલમાં શ્રીમતી અર્પીતાબેન પરાગભાઈ ગીરધરલાલ ઝવેરી (ઉં. ૫૫) (ઝવેરી વાડો / કેમ્પ્સ કોર્નર)** પ્રતિ સ્પર્ધી ૧૯ વર્ષની યુવતિ સામે ઝળહળતો વિજય મેળવી **Women title** પ્રાપ્ત કરેલ છે. તે બદલ હાર્દિક અભિનંદન.

## શ્રી પાટણ જૈન મંડળ
## વાર્ષિક પારિતોષિક વિતરણ સમારોહ

એસ.એસ.સી., એચ.એસ.સી., કૉલેજ લેવલ, ડિગ્રી ડિપ્લોમાં કોર્સ તેમજ અનેક શૈક્ષણિક ક્ષેત્રોમાંથી સમાજના વિદ્યાર્થી ભાઈ-બહેનો તેમની વાર્ષિક પરીક્ષામાં ઉચ્ચ સ્તરના ગુણાંક મેળવીને ગૌરવપ્રદ સિદ્ધિ હાંસલ કરી છે તેમને મંડળ તરફથી પારિતોષિક તથા મેરિટ સર્ટિફિકેટ એનાયત કરી દર વર્ષે અભિવાદન કરવામાં આવે છે, તેમ જ વર્ષ દરમ્યાન **'પાટણ પ્રતિબિંબ'માં** પ્રકાશિત થયેલી કૃતિઓમાંથી પસંદગી પામેલ શ્રેષ્ઠ કૃતિઓના લેખક ભાઈ-બહેનોનું **શ્રી નેમચંદ જેશંગલાલ શાહ (ગુંદરવાલા) સાહિત્ય પારિતોષિક** એનાયત કરી અભિવાદન કરવા માટેના સમારંભનું નીચેની વિગતે આયોજન કરાયેલ છે.

**રવિવાર તા. ૨૮-૧૦-૨૦૧૮**
**સ્થળ : તારાબાઈ હોલ, મરીનડ્રાઈવ, મુંબઈ - ૪૦૦૦૨૦**

આ સમારંભમાં ઘણા વિદ્યાર્થીઓએ ઈનામ મેળવવા અંગેનું ફોર્મ ભરેલ છે, છતાં કોઈક વિદ્યાર્થીનું ફોર્મ ભરવાનું રહી ગયેલ હોય તો, તેવા વિદ્યાર્થીઓએ ઉપરોક્ત **અભ્યાસક્રમ અંગેના છેલ્લી વાર્ષિક પરીક્ષાના પરિણામની ઝેરોક્ષ નકલ સાથે ફોર્મ ભરીને તા. ૨૦-૦૯-૨૦૧૮ સુધીમાં મંડળના મુખ્ય કાર્યાલયમાં મોકલાવી આપવું. Form Onlineથી પણ ભરી શકાશે.**

## પોસ્ટ ગ્રેજ્યુએટ મેરીટ સ્કોલરશીપ

**શ્રી પાટણ જૈન મંડળ તથા શ્રી કેશવલાલ કીલાચંદ ચેરીટેબલ ટ્રસ્ટ** દ્વારા સંયુક્તપણે **પ્રતિવર્ષ પોસ્ટ ગ્રેજ્યએશનનો અભ્યાસ કરનાર પ્રતિભાશાળી / તેજસ્વી વિદ્યાર્થી ભાઈ-બહેનોને તેમની શૈક્ષણિક ગુણવત્તાના ધોરણે વાર્ષિક રૂા. ૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર)ની એક એવી બે પોસ્ટ** ગ્રેજ્યુએટ મેરીટ સ્કોલરશીપ આપવામાં આવે છે. **પ્રસ્તુત સ્કોલરશીપ માટે વિદ્યાર્થીઓની શૈક્ષણિક ક્ષેત્રની તેજસ્વીતાને જ પ્રાધાન્ય અપાય છે, જેની ખાસ નોંધ લેવી.**

તદ્‌અનુસાર બિઝનેશ મેનેજમેન્ટ, મેડીકલ સાયન્સ, કૉમ્પ્યુટર એન્જિનિયરીંગ, આઈએએસ અથવા ડૉક્ટરેટ પી.એચ.ડી. (કોઈપણ વિષય) તેમજ આવા પ્રકારના ઉચ્ચ કક્ષાના પોસ્ટ ગ્રેજ્યુએશન કોર્ષમાં ઉત્તિર્ણ થયેલા વિદ્યાર્થી ભાઈ-બહેનોને મેરીટ સ્કોલરશીપ આપવા અંગેના અરજી પત્રકો મંગાવવામાં આવે છે.

આ અંગેનું ફોર્મ મંડળના કાર્યાલયમાંથી મેળવી સંપૂર્ણ વિગતો સહ ભરીને **તા. ૨૦-૦૯-૨૦૧૮ સુધીમાં પરત મોકલાવી આપવા વિનંતી છે.**

❑ **શિક્ષણ સમિતિ**

Kindly Note that all Forms related to Education Sahay, Loan, Merit Scholar Ships for School SSC, HSC, Graduation, Post-Graduation or Further higher or Foreign Studies can be found at -
**https://patanmandal.org/registration**
**The forms can be filled on Online itself.**

Postal Regd. No. MCS / O84 / 2018-20 W.P.P. License No. MR/TECH/WPP-120/South /2018.
PATAN PRATIBIMB • August 2018 • PRICE Rs. 2/- • Published on 20th of every month
• Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every month

## શ્રી અટલ બિહારી વાજપાયીને શ્રદ્ધાંજલિ



વર્તમાનનાં જુઠ અને વેરના કાવાદાવાથી ખદબદતા રાજકારણના કાદવમાં **''સત્ય, સંવેદના, સર્જકતા અને સન્માનનું 'અટલ' કમળ તા. ૧૬ ઓગસ્ટ ૨૦૧૮ના રોજ ૯૩ વર્ષની ઉંમરે ખરી પડ્યું.''** તેમની બહુર્મુખી પ્રતિભા, દીર્ઘદ્રષ્ટિ, રાજકીય કુનેહ અને મુત્સદ્દિગીરીના લીધે તેઓ ''રાજકારણી'' નહીં પણ ''રાજપુરુષ'' અને ''માનવ'' નહીં પણ ''મહામાનવ''નો દરજ્જો જનમાનસમાં મેળવી શક્યા હતા. શ્રી વાજપાયીના નિધનથી આખો દેશ શોકમાં ડૂબી ગયો હતો. તા. ૨૫ ડિસેમ્બર, ૧૯૨૪ના દિવસે જન્મેલ શ્રી વાજપાયીનો જન્મ દિવસ **''ગુડ ગવર્નન્સ ડે''** તરીકે ઉજવવામાં આવે છે. તેઓશ્રી ઉત્કૃષ્ટ વક્તા હોવાની સાથે સાથે કવિ પણ હતા. તેઓશ્રીએ અનેક કવિતા લખી છે.

આ પ્રસંગે તેમને શ્રદ્ધાંજલિ આપતા, મોતને બિછાને એને હરાવવાની હિંમત દાખવતી એમની એક અદ્‌ભુત રચના અહીં રજુ કરીએ છીએ. . . ▶

## પાટણનું ગૌરવ



પાટણના ખડાખોટડીના પાડાના **ચિ. દેવ રાહુલ અનીલભાઈ શાહે (નેપિયન્સી રોડ)** ચેન્નઈના કરાઈ-કુડીમાં રમાયેલ અન્ડર - ૧૧ ની **રાષ્ટ્રીય ચેસ સ્પર્ધા જેમાં ભારતના ૨૦ રાજ્યોના ઉત્કૃષ્ટ ૨૫૦ ખેલાડીઓમાંથી કુલ ૧૧ માંથી ૯ પોઈન્ટસ મેળવીને પ્રથમ આવી ગોલ્ડ ટ્રોફી જીતીને,** આવતા વર્ષે રમાનારી **વર્લ્ડ યુથ ચેસ ચેમ્પીયનશીપમાં** ભારતનું પ્રતિનિધિત્વ કરવાની સુવર્ણ તક ઝડપી લીધી છે. દેવનું હાલનું ELO rating 2184 છે. તા. ૧૪-૧૧-૨૦૧૬ના દિવસે **રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખર્જીના વરદ હસ્તે દેવને National Child Excellence Award** એનાયત કરવામાં આવેલ. દેવ ભવિષ્યમાં પણ ઉચ્ચ સિદ્ધિઓ પ્રાપ્ત કરે તેવી શુભેચ્છા સાથે તેને ખૂબ ખૂબ અભિનંદન !

## મૌત સે ઠન ગઈ

જૂઝને કા મેરા ઈરાદા ન થા,
મોડ પર મિલેંગે ઈસકા વાદા ન થા...
રાસ્તા રોક કર વહ ખડી હો ગઈ,
યૂં લગા જિંદગી સે બડી હો ગઈ...
મૌત કી ઉંમર ક્યા હૈ ? દો પલ ભી નહીં,
જિંદગી સિલસિલા, આજ કલ કી નહીં...
મૈં જી ભર જિયા, મૈં મન સે મરું,
લૌટકર આઊંગા, કૂચ સે ક્યોં ડરું ?
તૂ દબે પાંવ, ચોરી છિપે સે ન આ,
સામને વાર કર ફિર મુઝે આજમા...
મૌત સે બેખબર, જિંદગી કા સફર,
શામ હર સુરમઈ, રાત બંસી કા સ્વર...
બાત ઐસી નહીં કિ કોઈ ગમ હી નહીં,
દર્દ અપને-પરાએ કુછ કમ ભી નહીં...
પ્યાર ઈતના પરાયોં સે મુજકો મિલા,
ન અપનોં સે બાકી હૈં કોઈ ગિલા...
હર ચુનૌતી સે દો હાથ મૈને કિએ,
આંધિયોં મેં જલાએ હૈં બુઝતે દિએ...
આજ ઝંકઝોરતા તેજ તૂફાન હૈ,
નાવ ભંવરોં કી બાંહો મેં મેહમાન હૈ...
પાર પાને કા કાયમ મગર હૌસલા,
દેખ તેવર તૂફાં કા, તેવરી તન ગઈ...
મૌત સે ઠન ગઈ.

### Tentative Programs for Forthcoming Months

| S No | Committee | Day | Date | Tithi | Time | Place | Program |
|---|---|---|---|---|---|---|---|
| 1. | Sports | Sun | 30 Sept | Bhadarva V 5 | 3 to 7 pm | Sahara Star | PPL Player Auction |
| 2. | Shatabdi Celeb. | Sun | 30 Sept. | Bhadarva V 5 | 8 to 12 pm | Sahara Star | Dandiya Raas |
| 3. | Education | Sun | 28 Oct. | Asho S 4 | 9 am | Tarabai Hall | Prize Distribution |
| 4. | Program | Sun | 18 Nov. | Kartak S 10 | 4 to 7 | Garware Club | Sneh Sammelan |
| 5. | Divyang Utkarsh | Sat | 1 to 3 Dec. | Kartak V 9 | -- | Sahpur, Devlali | Yatra Pravas |
| 6. | Sports | Sun | 9 - Dec. | Mag S 2 | 10 to 2 pm | University Ground | Outdoor Games |
| 7. | Sports | Sun | 16 - Dec. | Mag S 9 | 10 to 3 pm | ...... | Sr. Citizen Match |
| 8. | Jeevan Saurabh | Sun | 6 to 9 Jan | Mag V 3 | -- | Manilaxmi | Yatra Pravas |

Printed & Published by CHANDRAVADAN SARABHAI SHAH on behalf of SHRI PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.
**Editor : CHANDRAVADAN SARABHAI SHAH**

TO,